**તા. ૨૫/૬/૨૪ :** શાળાના ધો. ૧ થી ૫ ના કુલ ૩૨૨ વિદ્યાર્થીઓને ઠાકુર પંડિત ઓમકારનાથ હોલ ખાતે **મંગલ જાદુગરાનો શો** બતાવવા લઇ જવામાં આવ્યા.





**તા. ૨૯/૬/૨૪ : ધો.૧ થી ૫ માં શાળામાં લોકશાહીઢબે શાળા પંચાયતની ચૂંટણી** કરાવવામાં આવી. જેમાં ધો. ૫ ના G.S. માં બે વિદ્યાર્થી તથા L.R. તરીકે બે વિદ્યાર્થીનીએ નામ નોંધાવ્યા હતા. વિદ્યાર્થીઓમાં નેતૃત્વગુણો ખીલે એ હેતુસર ચૂંટણી પ્રક્રિયા કરી. ધો.૩ થી ૫ના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર મતદાન કરી G.S. તરીકે ધો. ૫ (અ) નો વિદ્યાર્થી પરમાર વ્રજ અને L.R. તરીકે ધો. ૫(બ) ની વિદ્યાર્થીની મોદી હની જંગી બહુમતીથી વિજેતા બન્યા.





**તા. ૨/૭/૨૪ : "એક પેડ મા કે નામ"** અંતર્ગત ધો.૫ ના વિદ્યાર્થીઓ દ્વારા વૃક્ષારોપણ કરાવ્યું. કન્વી.શિક્ષક : નયનાબેન પટેલ

**તા. ૨૩/૭/૨૪ : "જાયન્ટ ભૃગુ સાહેલી"** અને **"અર્પણ ફાઉન્ડેશન"** ના સહયોગથી શાળામાં ધો. ૧ થી ૫ ગુ.મા.માં **ગૌરીવ્રત નિમિત્તે જવારા ટોપલી શણગાર સ્પર્ધા** યોજાય જેમાં **મુ. મહેમાન મા.શ્રી અશોકભાઇ બારોટ ( જાયન્ટ ફાઉન્ડેશન, સ્પેશીયલ કમિટી મેમ્બર) (ન.શિ. સમિતિના ચેરમેન), મા.શ્રીમતી યોગિતાબેન રાણા, બીના શાહ, સ્મિતાબેન સોની, જયોતિબેન પટેલ** તેમજ અન્ય સભ્યો પધારેલ હતા.





**તા. ૧૬,૧૯,૨૯,૩૦/૭/૨૪ : ધો. ૧ થી ૫ ની તબકકાવાર વાલીમિટીંગ** યોજાય જેમા વર્ષ દરમ્યાન યોજાનાર પ્રવૃત્તિ તેમજ પરીક્ષા લક્ષી ચર્ચા કરવામાં આવી. વાલીશ્રીને વિદ્યાર્થીના અભ્યાસ અને રસરૂચિ અંગે શાળાના ડાયરેકટર ર્ડા. ભગુભાઇ આઇ. પ્રજાપતિ સરે માર્ગદર્શન આપ્યું હતું.

**તા. ૨૦/૭/૨૪ : શાળામાં ધો. ૧ થી ૫ માં ગુરૂપૂર્ણિમા દિને** વિદ્યાર્થીઓ દ્વારા પ્રાર્થના, આરતી કરી ઊજવણી કરવામાં આવી તેમજ ધો, ૫ના વિદ્યાર્થીઓએ ગુરૂ અને શિષ્યના સંબંધ વિશે સુંદર નાટક રજૂ કર્યુ. કન્વીનર શિક્ષક : સંધ્યાબેન, હેતલબેન ભટ્ટ





**તા. ૧૭/૮/૨૪ : રક્ષાબંધન પર્વની ઉજવણી** ધો. ૧ થી ૫ ના વિદ્યાર્થીઓને શાળાની વિદ્યાર્થીનીઓએ કંકુ તિલક કરી રાખડી બાંધી તેમની મંગળકામના માટે પ્રાર્થના કરી ભાઇઓએ બહેનોને ચોકલેટ આપી ઉત્સાહભેર રક્ષાબંધનની ઊજવણી કરી. કન્વીનર શિક્ષક : હેતલબેન પટેલ

   

**તા.૨૪/૮/૨૪ : શાળામાં ધો. ૧ થી ૫ ના વિદ્યાર્થીઓ દ્વારા જન્માષ્ટમીની ઊજવણી** ખૂબ જ ઉત્સાહથી કરવામાં આવી. વિદ્યાર્થીઓ દ્વારા કૃષ્ણલીલા ડાન્સ રજૂ કરવામાં આવ્યો. કૃષ્ણજન્મને લઇને ગીતો, વકતવ્ય રજૂ કર્યુ. ત્યારબાદ કૃષ્ણ આરતી કરી પ્રસાદી લીધી. કન્વીનર શિક્ષક : રૂપલબેન પટેલ

**તા. ૫/૯/૨૪ : શિક્ષકદિન નિમિત્તે સ્વશાસન દિનની ઉજવણી** કરવામાં આવી. જેમાં ધો.૫ના વિદ્યાર્થીઓ શિક્ષક બન્યા. તેમણે ધો. ૧ થી ૫ ના વર્ગોના બાળકોને ભણાવ્યા હતા. શિક્ષક દિન નિમિત્તે વકતૃત્વ સ્પર્ધા યોજાઇ, જેમાં ધો.૩ના વિદ્યાર્થીઓએ "જો હું શિક્ષક હોઉં તો'' વિષયપર ધો.૪ના વિદ્યાર્થીઓએ "આજના સમયમાં શિક્ષકનું અસ્તિત્વ અને ધો. ૫ ના વિદ્યાર્થીઓએ "સમાજમાં બદલાવ લાવવામાં મારી ભૂમિકા" વિષય પર વકતૃત્વ યોજાયું આ ઉપરાંત નિબંધ લેખન સ્પર્ધા પણ લેવામાં આવી.

**તા.૧૨/૯/૨૪ : ધો.૫ની વિદ્યાર્થીઓએ CRC કક્ષાએ વિજ્ઞાનમેળામાં ભાગ લીધો.** તેઓએ વિભાગ ૪ ગાણિતીક નમૂનામાં ૧૧ થી ૯૯ સુધીના ઘડિયા બનાવવાની રીત સમજાવી. તેઓએ CRC કક્ષાએ દ્વિતીય ક્રમ મેળવ્યો. જે બદલ તેમને શિલ્ડ અને પ્રમાણપત્ર પણ આપવામાં આવ્યા. (૧) રાણા ચાર્મી આકાશકુમાર (૨) અટોદરિયા વેદાંશી હિરરાજસિંહ કન્વીનર શિક્ષક : ભકિતબેન

**તા.૧૩/૯/૨૪ : ભારતીય સાંસ્કૃતિક જ્ઞાનપરીક્ષા** ધો.૫-અ,બ ના વિદ્યાર્થીઓની જ્ઞાન પરીક્ષા લેવામાં આવી. જેમાં ૩૦ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા. કન્વીનર શિક્ષક : ઠક્કર મિલનબેન



**તા.૨૪/૯/૨૪ : મા.શ્રી ડૉ. મિલાપભાઇ શાહ (બી.એડ્. કોલેજ, બોરસદ) દ્વારા ગુ.મા. અને અં. મા.ના શિક્ષકો સાથે વાર્તાલાપ** યોજાયો હતો. તેમની મધુર વાણીની રોચક વાતો.

- વિચાર,વાણી અને વર્તનની પરબ "નારાયણ વિદ્યાલય"
- શિક્ષક સમાજનો દૂત છે. એટલે તે નમ્ર, વિચારશીલ, આત્મવિશ્વાસુ, કૌશલ્ય સભર, સંસ્કૃતિનો વાહક હોવો જોઇએ.
- વિદ્યાર્થી કદાચ સફળ ન થાય પણ સાર્થક તો થવો જ જોઇએ.

**તા. ૧/૧૦/૨૪ : "ગાંધી જયંતિ"** ની ઉજવણી નિમિત્તે ધો. ૪ અને ૫ ના વિદ્યાર્થીઓ ગાંધી જીવન પ્રસંગો, ગાંધી ગીતો તથા ગાંધીજીના પ્રેરક પ્રસંગો પર નાટક રજૂ કરી અંતે "વૈષ્ણવજન" ભજન ગાયુ હતું. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના સાદગી, સત્ય અને અહિંસાના માર્ગે આગળ વધવા વિદ્યાર્થીઓ પ્રેરિત થયા.

**તા. ૪/૧૦/૨૪ : ધો. ૧ અને ૨ ની ઉત્તરવહી બતાવવા વાલીમિટીંગ** યોજાય જેમા વિદ્યાર્થીની લેખનમાં થતી ભૂલ અંગે ચર્ચા થઇ તથા આગામી કાર્યક્રમો અંગે માર્ગદર્શન શિક્ષકમિત્રો એ આપ્યું.

**તા. ૯/૧૦/૨૪ : ધો. ૩ થી ૫ ની ઉત્તરવહી બતાવવા વાલી મિટીંગ** તબકકાવાર ગૃપ પ્રમાણે નારાયણ બાપુના આશ્રમમાં યોજાય. વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટે આચાર્યશ્રી જિજ્ઞેશભાઇ એ ચર્ચા કરી.

**તા. ૧૦/૧૦/૨૪ : નવરાત્રી નિમિત્તે વિદ્યાર્થીઓને ગરબા રમી દેવી નવદુર્ગાની આરાધના કરી** ભકિતભાવથી ઉજવણી કરી જેમા બેસ્ટ એકશન અને બેસ્ટ ડ્રેસિંગ સ્પર્ધા પણ યોજાય. રાષ્ટ્રીય સર્વેક્ષણ ૨૦૨૪ (NAS – National Achievement Survey) સંભવતઃ ડિસેમ્બર ૨૦૨૪માં ધો. ૩, ૬ અને ૯ માં યોજવામાં આવનાર છે. તેની પૂર્વ તૈયારીના ભાગરૂપે વર્ગખંડમાં વિષય શિક્ષકો વિદ્યાર્થીઓને વધુ પ્રશ્નોનો મહાવરો કરાવી શકે એ હેતુસર BISAG મારફતે વિવિધ વિષયોનું અધ્યાપન NAS ને ધ્યાને લઇ કઇ રીતે કરાવવું તે માટે PM e-vidhya, વંદે ગુજરાત પર લાઇવ પ્રસારણ તા. ૨૧/૯, ૨૮/૯, ૫/૧૦, ૧૨/૧૦, ૧૯/૧૦ અને ૨૬/૧૦ ના રોજ ધો. ૩ ના ગુજ., ગણિત, પર્યા. ના વિષય શિક્ષકો એ આ પ્રસારણ નીહાળ્યું હતું.

**તા. ૭/૧૨/૨૪ : શાળામાં ૧૦૮ કુંડીયજ્ઞ**માં ધો. ૧ થી ૫ ના કુલ ૧૬૦ વિદ્યાર્થી સાથે શિક્ષકો બેઠા હતા.

**તા. ૧૧/૧૨/૨૪ : "ગીતા જયંતિ"** ઉજવણી નિમિત્તે શ્રીમદ્ ભગવતગીતાનું મહત્વ સમજાવી વિદ્યાર્થી "શ્રીમદ્ ભગવત્ ગીતા"ના બારમા અધ્યાયના શ્લોકનું સસ્વર પઠન કર્યુ હતું. ધો. ૨, ૪ અને ૫ ના વિદ્યાર્થીઓએ શ્લોકની સમજુતી આપી હતી. કન્વીનર શિક્ષક : નયનાબેન પટેલ